| | |
|---|---|
| દાખલ તારીખ | ૩૧–૦૮–૨૦૧૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૩૧–૦૮–૨૦૧૨ |
| ફેંસલ તારીખ | ૧૮–૧૧–૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૧૩ ૦૨ ૧૮ |

**મહે.૨૪માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર**

| |
|---|
| **ફોજદારી કેસ નંબરઃ – ૭૬૦૪/૨૦૧૨** |
| **આંકઃ – 6** |

**ફરીયાદી :– શ્રી સરકાર**

(મુળ ફરીયાદીઃ–ધીસુલાલ બાડમલ ચોપરા)

**–– વિરૂધ્ધ ––**

**આરોપી :– રઘુનાથ ઉર્ફે રાજુ રોનાજી રબારી,**

રહે.હરીભાઇનું ડહેલુ,પવન સ્ટોર્સની અંદર, ઇદગાહ રોડ,

પ્રેમ દરવાજા,અમદાવાદ.

**ગુન્હોઃ– આઇ.પી.સી.કલમ– ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.**

| |
|---|
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી..શ્રી કે.એસ.ચૌધરી |
| આરોપી તરફે કોઇ હાજર રહેલ નથી. |

## **ચુકાદો**

(૧) આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ અન્ય આરોપી સાથે મળી તા.૦૭–૦૩–૨૦૧૨ નાં કલાકઃ૧૯–૦૦ થી તા.૦૮–૦૩–૨૦૧૨ નાં કલાકઃ૦૭–૦૦ દરમ્યાન ફરીયાદીની કાલુપુર સાકર બજાર, સુગરવાલા માર્કેટ દુકાન નં.૧. માંગીલાલ ધીસુલાલ ચોપરા નામની

કાપડની દુકાનના તાળા કોઈ સાધન વડે તોડી શટર ઉંચુ કરી દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં આવેલ મંદિરોમાં મુકેલ માતાજીની પંચ ધાતુની દોઢ કિલો વજનની મુર્તી કિંમત રૂા.૧૮૦૦/- ની મત્તાની તથા કબાટનાં ડ્રોઅરમાં મુકેલ રોકડા રૂા.૧,૬૬,૫૦૦/- ની કુલ્લે રૂા.૧,૬૮, ૩૦૦/- ની મત્તાની એકબીજાની મદદગારીથી ચોરી કરેલ, જે બાબતે ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલી છે. જે ફરીયાદ બાબતે તપાસ કરનાર અમલદારશ્રીએ ગુન્હા બાબતની તપાસ કરી લાગતા-વળગતા સાહેદોનાં નિવેદનો લઈ તેમના મંતવ્ય મુજબ પુરતો પુરાવો જણાઈ આવતા આરોપી વિરૂધ્ધ મથાળે દર્શાવેલ આઈ.પી.સી.કલમ - ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનાં ગુન્હા સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૭૩ મુજબ ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આ કામે સદરહુ કેસનું રેકર્ડ વંચાણે લેતા,આ કામનાં આરોપીનાઓને અવાર-નવાર સમન્સ/વોરન્ટ કાઢતા તેમજ આ કામનાં આરોપીઓ મળી આવતા ન હોય તે જોતા નજીકનાં ભવિષ્યમાં મળી આવે તેવા સંજોગો જણાઈ આવતા ન હોય આરોપીઓ સામે તહોમતનામુ ઘડવામાં આવેલ નથી કે પ્લી રેકર્ડ થઈ શકેલ નથી અને નામ.ગુજરાત હાઈકોર્ટનાં નોટીફીકેશન મુજબ આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી.કલમ-૨૯૯ મુજબ પુરાવો નોંધી લેવો જોઈએ તેવુ જણાઈ આવતુ હોય, સદર કેસ સને-૨૦૧૬ નો ઘણો જુનો હોય, આ કામે આરોપીઓ વિરૂધ્ધ આંક-૧ નીચે વિગતવારનો હુકમ કરી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૯૯ મુજબ હુકમ કરી સદર કેસમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)** આ કામે ફરીયાદપક્ષ તરફે તેના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ધીસુલાલ બાણમલની સોગંદ પર જુબાની | ૦૩ |
| ૨. | ફરીયાદ | ૦૪ |

આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૦૫ થી ક્લોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૪) હાલનાં કામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૯૭૩ ની કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય તથા ઉપર મુજબનો ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં લાયક પુરાવો મળી આવેલ ન હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે.

(૬) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે, આ કામનાં આરોપીએ અન્ય આરોપી સાથે મળી તા.૦૭–૦૩–૨૦૧૨ નાં કલાકઃ૧૯–૦૦ થી તા.૦૮–૦૩–૨૦૧૨ નાં કલાકઃ૦૭–૦૦ દરમ્યાન ફરીયાદીની કાલુપુર સાકર બજાર, સુગરવાલા માર્કેટ દુકાન નં.૧. માંગીલાલ ધીસુલાલ ચોપરા નામની કાપડની દુકાનના તાળા કોઈ સાધન વડે તોડી શટર ઉંચુ કરી દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં આવેલ મંદિરોમાં મુકેલ માતાજીની પંચ ધાતુની દોઢ કિલો વજનની મુર્તી કિંમત રૂા.૧૮૦૦/– ની મત્તાની તથા કબાટનાં ડ્રોઅરમાં મુકેલ રોકડા રૂા.૧,૬૬,૫૦૦/– ની કુલ્લે રૂા.૧,૬૮, ૩૦૦/– ની મત્તાની એકબીજાની મદદગારીથી ચોરી આઇ.પી.સી. કલમ– ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ.

## // કારણો //

(૮) **મુદ્દા નં.૧**

(૮.૧) ઉપરોક્ત હકીકતે ફરીયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા આ કામે મહત્વનાં સાક્ષી મુળ ફરીયાદી ધીસુલાલ બાણમલને આંક–૦૩ થી તપાસવામાં આવેલ છે,તેઓએ તેમની જુબાનીમાં આંક–૦૪ થી રજુ થયેલ ફરીયાદ હકીકતને મહદઅંશે સમર્થન કરેલ છે.વધુમાં જણાવેલ છે કે,તેઓની દુકાનમાંથી મુર્તી કોણે ચોરેલી તેની તેઓને ખબર નથી.

આરોપી સામે સી.આર.પી.સી.કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય ઉલતપાસ થયેલ નથી.

(૯) આમ,ઉપરોક્ત સમગ્ર પુરાવાનું સ્વતંત્ર રીતે તથા એકબીજા સાથે સાંકળીને અવલોકન કરવામાં આવે તો સદર કામે આંક–૦૪ થી રજુ થયેલ ફરીયાદની હકીકત જોવામાં આવે તો આ કામનાં આરોપીએ અન્ય આરોપી સાથે મળી તા.૦૭–૦૩–૨૦૧૨ નાં કલાકઃ૧૯–૦૦ થી તા.૦૮–૦૩–૨૦૧૨ નાં કલાકઃ૦૭–૦૦ દરમ્યાન ફરીયાદીની કાલુપુર સાકર બજાર, સુગરવાલા માર્કેટ દુકાન નં.૧. માંગીલાલ ધીસુલાલ ચોપરા નામની કાપડની દુકાનના તાળા કોઈ સાધન વડે તોડી શટર ઉંચુ કરી દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાં આવેલ મંદિરોમાં મુકેલ માતાજીની પંચ ધાતુની દોઢ કિલો વજનની મુર્તી કિંમત રૂા.૧૮૦૦/– ની મત્તાની તથા કબાટનાં ડ્રોઅરમાં મુકેલ રોકડા રૂા.૧,૬૬,૫૦૦/– ની કુલ્લે રૂા.૧,૬૮, ૩૦૦/– ની મત્તાની એકબીજાની મદદગારીથી ચોરી કરેલ હોવાની ફરીયાદ છે. સદર ફરીયાદી સાહેદ ધીસુલાલ બાણમલને આંક–૦૩ થી તપાસવામાં આવેલ છે,તેઓએ તેમની જુબાનીમાં આંક–૦૪ થી રજુ થયેલ ફરીયાદ હકીકતને મહદઅંશે સમર્થન કરેલ છે.વધુમાં જણાવેલ છે કે,તેઓની દુકાનમાંથી મુર્તી કોણે ચોરેલી તેની તેઓને ખબર નથી. જ્યારે આરોપી સામે સી.આર.પી.સી.કલમ–૨૯૯ મુજબનો હુકમ થયેલ હોય ઉલતપાસ થયેલ નથી. આમ, સદર ફરીયાદી સાહેદની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી સાહેદે

બનાવનાં દિવસે,સમયે અને સ્થળે આરોપીઓને ચોરી કરતા નજરે જોયેલ હોય તેવુ ફરીયાદીની સોગંદ પરની જુબાની વંચાણે લેતા જણાઇ આવતુ નથી. જેથી સદર ફરીયાદી સાહેદની જુબાનીથી બનાવની હકીકતને સમર્થન મળતુ નથી તેમજ સદર કામનાં ફરીયાદીએ બનાવ નજરે જોયેલ ન હોય ફરીયાદપક્ષનાં પુરાવાથી બનાવની હકીકતને સમર્થન મળતુ નથી. વધુમાં પોલીસે તેમની હાજરીમાં આરોપીઓ પાસેથી ચોરીનો મુદ્દામાલ કબજે કરેલ નથી અને તેવી હકીકતમાં સદર કામનાં આરોપીઓને શંકાનાં આધારે પકડેલ હોવાનુ જણાતુ હોય તેમજ આરોપીઓ પાસેથી કોઇ ચોરી કરેલુ વસ્તુ તેના કબ્જામાં મળી આવેલ હોય, બનાવનાં દિવસે, સમયે અને સ્થળે આરોપીઓએ ચોરી કરેલાની હકીકતનું સંપુર્ણ રીતે સમર્થન મળતુ નથી. વધુમાં, ચોરીનાં કામમાં સીધો કોઇ પુરાવો હોતો નથી, પરંતુ ચોરાયેલ મુદ્દામાલ આરોપીઓની કસ્ટડીમાંથી મળી આવેલ હોવાનુ જો સાબીત થાય તો જ આરોપીઓને તક્સીરવાન ઠરાવી શકાય. આમ, ઉપર જણાવેલ કારણોસર તથા રજુ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો જોતા કેસની હકીકતો ધ્યાને લઇ હું ન્યાયિક રીતે એમ માનુ છુ કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, પરીણામ સ્વરૂપ મુદ્દા નં.૧.નો જવાબ નકારાત્મક આપી મુદ્દા નં.૨. માટે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## આખરીહુકમ

**૧.** આ કામનાં આરોપી **રઘુનાથ ઉર્ફે રાજુ રોનાજી રબારી**નાઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૪૫(૧) અન્વયે તથા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૯૯ સાથે વાંચતા ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ- ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનાં સજાને પાત્ર ગુન્હાનાં કામે નિર્દોષ ઠરાવી વિકલ્પે બિન તહોમત છોડી મુકવામાં આવે છે.

**૨.** આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ−૪૩૭(એ) મુજબનાં અપીલ પીરીયડ સુધીનાં રૂા.૨૦,૦૦૦/− નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ કરવા.

**૩.** સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અંગે વચગાળાનો થયેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૮/૧૧/૨૦૨૫

**(અંકિત વિષ્ણુપ્રસાદ પટેલ)**
૨૪માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર
જી.જે.૦૧૧૮૧